For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સુરતમાં બીજા માળેથી મહિલા પર પાણીની ટાંકી પડી, શરીર પર એકેય ઉઝરડો ન પડ્યો


1 પ્રસાદ લઈને મહિલા રસ્તો ક્રોસ કરી રહી હતી


2 ઉપરથી પડેલી ટાંકી સીધી મહિલા પર પડી


3 આશ્ચર્યજનક રીતે મહિલા ટાંકીમાં સમાઈ ગઈ


4 ચમત્કાર કહી શકાય તેમ મહિલાને ઉઝરડો પણ નહી પડ્યો

## કર્મનું ફળ તરત જ મળ્યું, માતાજીની આરતી કરીને આવેલી મહિલાને જીવતદાન

સુરતમાં છેલ્લા બે દિવસથી એક ખૂબ જ ચમત્કારિક સીસીટીવી સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ રહ્યા છે. જેમાં જોઈ શકાય છે કે, એક પાણીની ટાંકી બીજા માળેથી ફૂટબોલની જેમ ઉછળી નીચે ચાલીને જતી મહિલાના માથા પર પડે છે. આ ટાંકીમાં મહિલા સમાય જાય છે. જો કે, આ મહિલાને જરા પણ ઇજા પહોંચી નથી અને પાણીની ટાંકીમાંથી બહાર નીકળે છે. આ વીડિયો સુરતના ડિંડોલી વિસ્તારની માનસી રેસિડેન્સીનો છે. માનસી રેસિડેન્સી વિભાગ એકમાં ગત 10 ઓક્ટોબરના રોજ સવારના નવરાત્રિમાં માતાજીની આરતી થઈ હતી. ત્યાંથી પ્રસાદ લઈને મહિલા પોતાના ઘરે જઈ રહી હતી. દરમિયાન બીજા માળેથી પાણીની ટાંકી તેના પર પડી હતી અને માનસી સોસાયટીમાં સિક્યોરિટી ગાર્ડે મિશ્રાએ જણાવ્યું હતું કે, પર પડેલી જૂની પાણીની ટાંકી ભંગારમાં આપી દીધી હતી. મહિલા નીચે પ્રસાદ લઈને જઈ રહી હતી અને ભંગારવાળાએ ઉપરથી આ ટાંકી નીચે ફેંકી હતી. આમાં ભંગારવાળાની કોઈ ભૂલ નથી

### ગુજરાત સરકાર દ્વારા નવી ટેક્સટાઇલ પોલિસી- ૨૦૨૪ની જાહેરાત કરવામાં આવી

# દક્ષિણ ગુજરાતના કાપડ ઉદ્યોગને સરકારની દિવાળી ગિફ્ટ


**પીએમ** મિત્રા પાર્કને કેટેગરી 1 સમકક્ષ ગણી તેમાં સ્થપાતાં ટેક્સટાઇલ એકમોને સૌથી વધુ લાભ મળી રહેશે : વિજય મેવાવાલા

સુરતઃ ગુજરાત સરકાર દ્વારા નવી ટેક્સટાઇલ પોલીસી-૨૦૨૪ની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા આજરોજ ગાંધીનગર ખાતે રાજ્યની નવી ટેક્સટાઇલ પોલિસીની જાહેરાત કરવામાં આવી હતી, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ વિજય મેવાવાલાએ સંપૂર્ણ ટેક્સટાઈલ ઉદ્યોગને લાભકર્તા નવી ટેક્સટાઈલ પોલિસી જાહેર કરવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર માન્યો હતો.

ચેમ્બર પ્રમુખ વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા વખતથી રાજ્યની નવી ટેક્સટાઇલ પોલિસીની આતુરતાથી રાહ જોવામાં આવી રહી હતી અને આ પોલિસી માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સતત પ્રયત્નો ચાલુ રહ્યા હતા. ખાસ કરીને ટેક્સટાઇલની ટફ સબસિડી બંધ હોવાને કારણે ચેમ્બરની માંગ હતી કે રાજ્યની નવી ટેક્સટાઇલ પોલિસીમાં અપફ્રન્ટ કેપિટલ સબસિડી આપવામાં આવે. રાજ્યની નવી ટેક્સટાઇલ પોલિસીમાં ચેમ્બર ઓફ કોમર્સની માંગણી મુજબ અપફ્રન્ટ કેપિટલ સબસીડી 10 ટકાથી 35 ટકા સુધીની જાહેરાત કરવામાં આવી છે. સાથે જ ઇન્ટરેસ્ટ સબસિડી 5 થી 7 ટકા સુધી ઓછામાં ઓછા 5 વર્ષ અને વધુમાં વધુ 8 વર્ષ સુધી મળી રહેશે. આ ઉપરાંત એક રૂપિયાની પાવર સબસિડી પણ આપવામાં આવી છે. ટેક્સટાઇલ ઉદ્યોગકારો ડિસ્કોમ તથા ઓપન એકસેસમાંથી પાવર લેશે તો પણ પ્રતિ યુનિટ એક રૂપિયાની સબસિડીની મળી રહેશે.

કેટેગરી ત્રણમાં આવતા તાલુકાઓમાં સ્થપાતા ટેક્સટાઇલ એકમોને (ગારમેન્ટીંગ અને ટેકનિકલ ટેક્સટાઇલ)ને વધુમાં વધુ રૂપિયા 50 કરોડની કેપિટલ સબસિડી મળી રહેશે. તથા વિવિંગ, નીટિંગ અને પ્રોસેસિંગ ક્ષેત્રે ઉપરોક્ત કેટેગરી ત્રણમાં આવતા તાલુકાઓમાં સ્થપાતા ટેક્સટાઇલ એકમોને રૂપિયા 40 કરોડ સુધીની સબસિડી મળવાપાત્ર

...અનુસંધાન પાના 5 પર




# નવી ટેક્સટાઇલ નીતિમાં કેપિટલ સબસિડી પણ અપાશે

**મહિલા** કર્મચારીઓ હશે તો તેવા યુનિટને વધુ સહાય મળશે

30,000 કરોડનું રોકાણ આવશે: સીએમ ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર : સીએમ ભૂપેન્દ્ર પટેલ દ્વારા આજે ગાંધીનગરમાં 'ગુજરાત ટેક્સટાઇલ પોલિસી 2024'ની જાહેરાત કરી હતી. આ નવી ટેક્સટાઇલ નીતની જાહેરાત પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય ભારતના ટેક્સટાઇલ એક્સપોર્ટમાં 12 ટકા હિસ્સો ધરાવે છે. આ નવી ટેક્સટાઇલ નીતિમાં ગારમેન્ટ, ટેક્નિકલ ટેક્સટાઇલ, વણાટ અને એમએમએફ ઉત્પાદન જેવા ક્ષેત્રોને

...અનુસંધાન પાના 5 પર

### ગુજરાત ટેક્સટાઇલ પોલિસી 2024ની મુખ્ય હાઈલાઈટ

- વ્યાજ સબસિડીઃ 8 વર્ષ સુધી eFCI ના 5% થી 7%
- પાવર ટેરિફ સબસિડીઃ 5 વર્ષ માટે રૂ.1/યુનિટ
- નાણાકીય સહાયઃ કામદારો માટે દર મહિને રૂ. 2,000 થી રૂ. 5,000
- મહિલા કામદારો માટે વધારાના

...અનુસંધાન પાના 5 પર

### 2019ની પોલિસીમાં શું હતું?

2019ની ટેક્સટાઈલ પોલિસીમાં 6 ટકા ઈન્ટરેસ્ટ સબસિડી વાર્ષિક 20 કરોડની કેપ સાથે, નવા રોકાણ પર ઉદ્યોગકારોને 2થી 3 રૂપિયા પાવર સબસિડી, પ્લાન્ટ મશીનરીનું 25 ટકાથી વધુનું એક્સાપન્શન કરવા પર જ સબસિડી, એનર્જી વોટર

...અનુસંધાન પાના 5 પર

### 2012ની પોલિસીમાં શું હતું?

2012ની ટેક્સટાઈલ પોલિસીમાં 6 ટકા ટેક્નિકલ ટેક્સટાઈલ માટે અને 7 ટકા સ્પિનિંગ માટે લોન સામે ઈન્ટરેસ્ટ સબસિડી, ફક્ત કોટન ઈન્ડસ્ટ્રીને હયાત બિલમાં યુનિટ દીઠ 1 રૂપિયાની સબસિડી, પ્લાન્ટ મશીનરીનું 25 ટકાથી વધુનું એક્સપાન્સન કરવા પર સબસિડી, એનર્જી અને વોટર ઓડિટ માટે

...અનુસંધાન પાના 5 પર

# ઉપરવાસમાં વરસાદના વિરામ પછી પણ ઉકાઇ ડેમમાં પાણીની આવક 91000 ક્યુસેક

**સાંજે** આવક ઘટીને આવક-જાવક 40 હજાર ક્યુસેક રહી, ચિંતાનો કોઈ વિષય નહીં: સુરત શહેરમાં વરસાદે વિરામ લેતાં સૂરજદાદા ફોર્મમાં, ગરમી વધીને 35 ડિગ્રી

સુરતઃ ઉકાઈ ડેમમાં આજે બપોરે 12:00 વાગ્યે 91,000 ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી, જ્યારે 74,000 ક્યુસેક પાણી છોડાયું હતું. ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદે વિરામ લીધો હોવા છતાં, ડેમમાં પાણીની સ્થિતિ સુચારૂ રાખવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

ઉકાઈ ડેમમાં સવારે પાણીની આવક વધારે રહેતા 70 હજાર ક્યુસેક પાણી છોડાયું હતું. જે સાંજ સાંજ પડતા ઉકાઈ ડેમમાં આવક અને જાવકનું પ્રમાણ 40,000 ક્યુસેક નોંધાયું હતું, તેમજ ડેમની સપાટી 344.91 ફૂટ નોંધાઈ છે. હથનૂર ડેમમાંથી 10,000

...અનુસંધાન પાના 5 પર

## વલસાડ જિલ્લામાં વાવાઝોડા સાથેના વરસાદથી વૃક્ષો, વીજ થાંભલા ધરાશાયી

**પારડીના** બાલદામાં ઘરોના 30 પતરાં ઊડ્યાં

સુરત : દક્ષિણ ગુજરાતમાં નવરાત્રી ગઇ અને દિવાળી આવી રહી છે, તેમ છતાં વરસાદ અટકવાનું નામ લેતો નથી. જેમાં મંગળવારે સાંજે વલસાડ જિલ્લાના વાતાવરણમાં પલટો આવતા ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો અને અનરાધાર વરસાદ અને તેજ પવનને લઈ જિલ્લામાં વૃક્ષો, વીજ થાંભલાઓ પડી

...અનુસંધાન પાના 5 પર

### મહાકાય વૃક્ષ કાર ઉપર પડ્યું, માતા અને પુત્રીનો ચમત્કારિક બચાવ



વલસાડ જિલ્લાના પારડી નજીક રહેતા પરિવારની માતા અને દીકરી રિદ્ધિ પટેલ કાર લઈ સુકેશની શાળામાં દીકરીને લેવા જઈ રહ્યા હતા, તે સમયે પારડી નાનાપોંઢા માર્ગ ઉપર બાલદા નજીક કારથી થોડે દૂર વૃક્ષ માર્ગ ઉપર પડતાં તેમણે કાર થોભાવી હતી. જોકે તેઓ હજુ કંઈ સમજે વિચારે તે સમયે જ અચાનક માર્ગની બાજુનું મહાકાય વૃક્ષ જડમુળથી ઉખડી સીધું તેમની કાર ઉપર પડ્યું હતું. જોકે મહાકાય વૃક્ષ હોઈ આખી કાર વૃક્ષોની ડાળી વચ્ચે ઢંકાઈ ગઈ હતી. જોકે દીકરીએ હિંમત બતાવી ડરી જવાના બદલે પળનો પણ વિલંબ કર્યા વગર માતાને પણ હિંમત આપી સૂઝબૂઝથી દરવાજો ખોલી બહાર આવ્યા હતા.

# ઉદવાડા-વાપી વચ્ચે બ્લોક, સુરતથી પસાર થતી 8 ટ્રેનને અસર

સુરતઃ ઉદવાડા-વાપી વચ્ચે 17,18,19 અને 25 ઓક્ટોબરના રોજ બ્લોકના કારણે સુરતથી પસાર થતી 8 ટ્રેનોને રેગ્યુલેટ કરાઈ છે.

જેમાં 17 અને 19 ઓક્ટોબર 2024ના રોજ મોડી પડનારી ટ્રેનોમાં ટ્રેન નંબર 20907 દાદર-ભુજ સયાજીનગરી એક્સપ્રેસ 55 મિનિટ મોડેથી રવાના થશે. ટ્રેન નંબર 20908 ભુજ-દાદર સયાજીનગરી એક્સપ્રેસ 45 મિનિટ મોડી પડશે. ટ્રેન નંબર 12926 અમૃતસર-મુંબઈ સેન્ટ્રલ પશ્ચિમ એક્સપ્રેસ 30 મિનિટ મોડી પડશે. ટ્રેન નંબર 02134 જબલપુર-બાંદ્રા સ્પેશિયલ 1 કલાક મોડી પડશે.

18 અને 25 ઓક્ટોબર 2024ના રોજ મોડી પડનારી ટ્રેનોમાં ટ્રેન નંબર 20908 ભુજ-દાદર સયાજીનગરી એક્સપ્રેસ 30 મિનિટ મોડી પડશે. ટ્રેન નંબર 12926 અમૃતસર-મુંબઈ સેન્ટ્રલ પશ્ચિમ એક્સપ્રેસ 20 મિનિટ મોડી પડશે. ટ્રેન નંબર 12996 અજમેર-બાંદ્રા સુપરફાસ્ટ એક્સપ્રેસ 30 મિનિટ મોડી પડશે. ટ્રેન નંબર 14806 બાડમેર-યશવંતપુર એક્સપ્રેસ 25 મિનિટ રેગ્યુલેટ થશે.






# વડોદરાના અમિત મૈસુરીયાની ડ્રગ્સના મુખ્ય સપ્લાયર્સ અને ફાર્માસ્યુટિકલ કંપની સાથે મહત્વની ભૂમિકા

**અમિત** મૈસુરીયાના યુનાઇટેડ કિંગડમ સ્થિત હેન્ડલર્સ સાથે શંકાસ્પદ સંબંધો

ભરૂચ: રવિવારે દિલ્હી અને ગુજરાત પોલીસના સંયુક્ત ઓપરેશનમાં ગુજરાતના અંકલેશ્વરમાંથી આશરે રૂ.5000 કરોડની કિંમતનું ઓછામાં ઓછું 518 કિલોગ્રામ કોકેઇન જપ્ત કરી પાંચ જણાને દબોચી લીધા હતા.

દિલ્હી પોલીસે સોમવારે જણાવ્યું હતું કે, ગુજરાતમાંથી ધરપકડ કરાયેલા પાંચમાંથી ત્રણ વિજય ભેસાણિયા, અશ્વિન રામાણી અને બ્રિજેશ કોઠિયા આવકાર ડ્રગ્સ લિમિટેડ કંપનીના સહ માલિક છે. અમિત મૈસુરીયા મુખ્ય સપ્લાયર્સ અને ફાર્માસ્યુટિકલ કંપનીના માલિકો વચ્ચે મધ્યસ્થી કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, પાંચ આરોપીને સોમવારે અંકલેશ્વરની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને સ્પેશિયલ સેલે તેમને વધુ પૂછપરછ માટે દિલ્હી લાવવા માટે તેમની ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યાં હતાં.

અત્યાર સુધી તપાસમાં જાણવા મળ્યું છે કે, ફાર્માસ્યુટિકલ કંપનીમાં શુદ્ધીકરણ અને દિલ્હીમાં વધુ સપ્લાય માટે લગભગ 1,300 કિલો દવાઓ અંકલેશ્વર લાવવામાં આવી હતી. 700 કિલોથી વધુ લાવવામાં આવી હતી. જ્યારે અન્ય 518 આવવાની બાકી હતી. જે તપાસ માટે ખાનગી છે. કંપનીના ત્રણ માલિકોને દેશના અન્ય ભાગોમાં દવાઓના શુદ્ધીકરણ અને વધુ સપ્લાય માટે કરોડોમાં ચૂકવવાનું વચન આપવામાં આવ્યું હતું. દિલ્હી અને ગુજરાતના કેટલાક ભાગોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, અમિત મૈસુરીયા વડોદરાનો રહેવાસી છે, તે યુનાઇટેડ કિંગડમ સ્થિત હેન્ડલર્સ સાથે શંકાસ્પદ સંબંધો ધરાવે છે. જેઓ દુબઈથી સંચાલિત આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટના કિંગપિન એવા વીરેન્દ્ર બસોયા ઉર્ફે વીરુના નિર્દેશ પર કામ કરતો હતો. ડ્રગ્સનો ચોક્કસ રૂટ હજુ સુધી જાણી શકાયો નથી અને પોલીસ ટીમ તેના પર કામ કરી રહી છે.

# માંગરોળના ચકચારી બળાત્કાર કેસમાં આરોપી રાજુની વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી કરવામાં આવી

**બાઈક** માલિક તનવીરને આરોપી રાજુએ અમે બળાત્કાર કર્યો છે, એવું કહ્યું હતુંઃ તનવીરે કોલરેકોર્ડિંગ પોલીસને સોંપી દેતાં મહત્ત્વનો પુરાવો હાથ લાગ્યો

સુરતઃ માંગરોળના ચકચારી બળાત્કાર કેસમાં પોલીસે આરોપી રાજુની વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી અમદાવાદ ખાતે કરાવી હતી. તેમાં રાજુએ જેની બાઈક લીધી હતી તે તનવીરને ફોન પર કહ્યું કે અમે છોકરી પર બળાત્કાર કર્યો છે. તારી બાઈક અમે અહીં મૂકીને જઈએ છીએ. દરમિયાન આ ઘટના બાદ રાજુએ કરેલા ફોનની વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી કરાવવામાં આવી હતી.

દરમિયાન રાજુના ગુનાહિત ઈતિહાસથી તનવીર વાકેફ હોવાને કારણે તેણે કોલ રેકર્ડ કરી લીધો હતો, જે તેણે પોલીસને સોંપી દીધો હતો.

### બંને આરોપીના વોઇસ સેમ્પલ લેવામાં આવ્યાં

પોલીસની ટીમ આજે આરોપી રાજુ અને બાઈકમાલિક તનવીરને લઈ ગાંધીનગર પહોંચી હતી અને ત્યાં બંનેની વોઇસ સ્પેક્ટ્રોગ્રાફી કરવામાં આવી રહી છે. અહીં એક્સપર્ટ દ્વારા બંનેનાં વોઇસ સેમ્પલ લેવામાં આવ્યાં છે. રેકોર્ડિંગને અનુરૂપ તેનાં વોઈસ સેમ્પલ લેવામાં આવ્યાં છે અને ટૂંક સમયમાં આ રિપોર્ટ ચાર્જશીટમાં પણ રજૂ કરવામાં આવશે.

### વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી ટેસ્ટ શું છે?

કોઈપણ પ્રકારના સ્ટિંગ ઓપરેશનમાં કે પછી ઓડિયો-વિઝ્યુઅલ પુરાવા કબજે કરાય છે, ત્યારબાદ એમાં જેનો અવાજ છે કે પછી દૃશ્યો છે એ સંબંધિત વ્યક્તિના જ છે કે નહીં કે તે પ્રસ્થાપિત કરવા જે-તે વ્યક્તિના અવાજના નમૂના લઈને પુરાવારૂપ ઓડિયો-વિઝ્યુઅલ મળેલા વીડિયો કે ઓડિયો-ક્લિપ સાથે સરખાવવામાં આવે છે. આ ટેસ્ટને વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી ટેસ્ટ કહેવાય છે.

# વાપીથી 28 કિલોમીટર દૂર પાલઘરના ધૂંધલવાડી વિસ્તારમાં ભૂકંપ: 2 આંચકા આવ્યા

**માત્ર** એક મિનિટના અંતરમાં આવેલા ધરતીકંપના બંને આંચકા 3.3 અને 2.8 ની તીવ્રતાના

**પહેલા** આંચકાનું એપિસેન્ટર ઠાકરપાડા વચ્ચે અને બીજા આંચકાનું આંમગાંવ નજીક

વાપી : વાપીથી 28 કિલોમીટર દૂર મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના ધૂંધલવાડી વિસ્તારમાં મંગળવારે સાંજે ભૂકંપના બે આંચકા લોકોએ અનુભવ્યા હતા. માત્ર એક મિનિટના અંતરમાં આવેલા બંને ધરતીકંપના આંચકા અનુક્રમે 3.3 અને 2.8 ની તીવ્રતાના હતાં.

સાંજે 4:47 કલાકે ધરતીકંપનો પહેલો આંચકો લાગ્યો હતો. જેની તીવ્રતા 3.3ની નોંધવામાં આવી હતી. જ્યારે બીજો આંચકો સાંજે 4:48 કલાકે આવ્યો હતો. જેની તીવ્રતા 2.8 જોવા મળી હતી. જે જમીનમાં 10 કિલોમીટર નીચે ઉદ્દભવ્યો હતો. પહેલા આંચકાનું એપિસેન્ટર વાપીથી 29 કિલોમીટર દૂર સંજાણ-આમગાંવ રોડ પર સંભા-ઠાકરપાડા વચ્ચે નોંધાયું હતું. જ્યારે બીજા આંચકાનું એપિસેન્ટર વાપીથી 28 કિલોમીટર દૂર આંમગાંવ નજીક નોંધાયું હતું.

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

## નવમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. પ્રવિણભાઈ રામુભાઈ પટેલ
સ્વ.તા.૧૬/૧૦/૨૦૧૫

વ્હાલા પપ્પા શૂન્યમાંથી સર્જન કરી પરીવાર માટે ફુલો પાથરી ગયા જીવન એવું જીવી ગયા કે સૌના પથદર્શક બની ગયા દુ:ખને દેખાડયું નહીં અને સુખ ને છલકાવ્યું નહીં જીવનભર મહેનત કરી સમગ્ર પરિવાર નું હંમેશા ભલું કર્યું સમપર્ણ અને સંસ્કારની જ્યોત જલાવી અમે તમને ક્યારેય ભૂલીશું નહી ભગવાન તમારા આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

(પપ્પા ની લહેર)

લિ.
ગં.સ્વ. ઇન્દુબેન પ્રવિણભાઈ પટેલ (પત્ની)
ગ્રેહામકુમાર પ્રવિણભાઈ પટેલ (પુત્ર)
સનીકુમાર પ્રવિણભાઈ પટેલ (પુત્ર)
તથા સમસ્ત પરિવાર
રૂંઢ મગદલ્લા, બેંક ઓફ બરોડાની સામે, મેઈનરોડ, સુરત(સીટી)